ગુજરાત સાહિત્ય અકાદમી
ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સિંધી, ઉર્દૂ અને કચ્છી સાહિત્ય અકાદમી
(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)
પહેલો માળ, અભિલેખાગાર ભવન,
સેક્ટર-૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭.
ફોન : ૦૭૯-૨૩૨ ૫૬૭૯૭ / ૯૮

GUJARAT SAHITYA ACADEMY
Gujarati, Hindi, Sanskrit, Sindhi, Urdu and Kutchi Sahitya Academy
(Sports Youth and Cultural Activities Department, Govt. of Gujarat)
First Floor, Abhilekhagar Bhavan,
Sector-17, Gandhinagar-382017
Phone : 079-23256797 / 98

## <u>શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજના નિયમો અને શરતો</u>

(૧) આ યોજનામાં સાહિત્યના નીચે મુજબના જ સાહિત્ય સ્વરૂપમં ઈનામ આપવામાં આવે છે. આ સ્વરૂપ બહારના પુસ્તકો આ યોજનામાં સમેલ કરી શકાશે નહી.

- <u>પૌઢ વિભાગ:</u> (૧) નવલકથા (૨) ટૂંકીવાર્તા-લઘુકથા (૩) નાટક- એકાંકી નાટકો (૪) હાસ્ય-વ્યંગ –કટાક્ષ (૫) નિબંધ અને પ્રવાસ (૬) કવિતા (૭) વિવેચન (૮) સંશોધન-ભાષા વ્યાકરણ (૯) આત્મકથા-રેખાચિત્ર-પત્ર–જીવનચરિત્ર-સત્યકથા (૧૦) લોકસાહિત્ય (૧૧) અનુવાદ

<u>બાળ-વિભાગ</u> : (૧) કાવ્ય (૨) વાર્તા (૩) ચરિત્ર (૪) નાટક

(૨) આ યોજનામાં સંપાદન કરેલાં પુસ્તકોનો સમાવેશ કરવામાં આવતો નથી.

(૩) આ યોજનામાં પ્રથમ પરિતોષિકને રૂ.૧૧,૦૦૦/-, દ્વિતીય પારિતોષિકને રૂ.૭,૦૦૦/- અને તૃતીય પારિતોષિકને રૂ.૫,૦૦૦/- એમ પ્રત્યેક સાહિત્ય સ્વરૂપમાં ત્રણ ઈનામ આપવામાં આવે છે.

(૪) આ યોજનામાં જે તે કેલેન્ડર વર્ષમાં પ્રકાશિત પ્રથમ આવૃત્તિનાં પુસ્તકોમાંથી નિષ્ણાતો દ્વારા શ્રેષ્ઠ પુસ્તકોને પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવે છે. આથી પુનઃ મુદ્રણના પુસ્તકો આ યોજનામાં સામેલ કરી શકાશે નહીં.

(૫) આ યોજના અંતર્ગત એક અકાદમીમાં જે લેખકોને કોઈ પણ વિભાગ/સ્વરૂપમાં ૦૫ (પાંચ) પારિતોષિક મળી ચૂક્યાં હોય તે તેવા લેખકોને આ યોજનામાં આગળ લાભ મળી શકશે નહીં. તેઓ આ યોજના માટે પુસ્તકો મોકલી શકશે નહીં.

(૬) અગાઉ મળેલ પારિતોષિકની સંપૂર્ણ માહિતી અરજી ફોર્મમા દર્શાવવાની રહેશે.

(૭) જો કોઈ પ્રકાશક તરફથી પુસ્તકો આ યોજના માટે મોકલવામાં આવે તો જે તે લેખકશ્રીની લેખિત સંમતિ અરજી સાથે સામેલ કરવાની રહેશે.

(૮) આ યોજના માટે સાહિત્ય સંબંધિત વિષયોનાં જ પુસ્તકો મોકલવાના રહેશે. સાહિત્ય સાથે સંબંધ ન ધરાવતાં હોય તેવા અન્ય વિષયના પુસ્તકો આ યોજનામાં સમાવેશ કરવામાં આવશે નહીં.

(૯) આ યોજના માટે ઓનલાઈન અરજી કરી તેની પ્રિન્ટ લઈ પુસ્તકોની બે નકલ વિનામૂલ્યે તેમજ સ્વખર્ચે અકાદમી કાર્યાલય ખાતે આપેલ સમયાવધિ મુજબ મોકલી આપવાની રહેશે. સમયાવધિ બાદ મળેલા પુસ્તકો સ્વીકારવામાં આવશે નહીં.

(૧૦) આ યોજના માટે કોઈ પ્રશ્ન કે તકરાર ઉભી થાય છે તો તે અંગેનો આખરી નિર્ણય અકાદમીનો રહેશે. જે અરજી કરતાં અરજદારને બંધનકર્તા રહેશે.



gsagandhinagar@gmail.com | www.sahityaacademy.gujarat.gov.in | www.gujaratsahityaacademy.com